**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૨૬/૧૧/૨૦૧૫ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી ૫૪૫ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૫,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૪/૧૫**

**સોલા હાઇકોર્ટ** : સુમનબહેન રામુભાઇ યાદવ (ઉ.વ.૧૬)(રહે.સુમતી સ્કુલની બાજુમાં, ચાણક્યપુરી ઘાટલોડીયા) ને તા.૧૯/૧૧/૧૫ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રવી હાકીમ જાદવ (રહે.રબારીનાં મકાનમાં, ચાણક્યપુરી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સુમનબહેનના પિતા રામુભાઇ યાદવે તા.૨૫/૧૧/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૫/૧૫**

**અમરાઇવાડી** : ધર્મીષ્ઠાબહેન નીમેશભાઇ પંચાલ (ઉ.વ.૨૩)(રહે.બળીયાવાસ, અમરાઇવાડી ગામ) એ તા.૨૫/૧૧/૧૫ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૧૫ નાં કલાક ૯/૩૦ થી તા.૨૪/૧૧/૧૫ સમયગાળા દરમ્યાન આરોપી (૧) શોભાબહેન રમેશભાઇ પટેલ (રહે.રાવલવાસના સામે, ખોખરા) (૨) વાઘજીભાઇ (ઉ.વ.૬૦)(જેનાં પુરા નામ સરનામાની ખબર નથી) ભેગામળી ધર્મીષ્ઠાબહેનને મેડીકલ સ્ટડી માટે રૂપિયા અપાવવાનું કહી, ગાંધીધામ ખાતે લઇ જઇ, ધર્મીષ્ઠાબહેનનાં કુલ હાર લગ્ન કરાવી દઇ, લગ્ન કરનાર પાસેથી આરોપીઓએ રોકડા રૂપિયા ૫૦,૦૦૦/- મેળવી લઇ, ધર્મીષ્ઠાબહેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૮૬/૧૫**

**માધવપુરા :** નિસર્ગભાઇ રમેશભાઇ વ્યાસ (રહે.ફર્સ્ટ ચોઇસ એસોશીયેશન ઇન્ડોકટોથર્મ ફેક્ટરીની પાછળ, બોપલ)(નોકરી : રિલાયન્સ મોલમાં એડમીન મેનેજર) એ તા.૨૫/૧૧/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૧૫ થી ઓક્ટોબર/૨૦૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન રિલાયન્સ મોલમાં એક્ઝીક્યુટીવ કર્મચારી તરીકે કામ કરતાં આરોપી (૧) રાકેશ કેશવલાલ સોલંકી રહે.રામજીભાઇની ચાલી, કેશવનગર) (૨) જયપ્રકાશ શિવરામ ગુપ્તા (રહે.શિવશંકરનગર સોસાયટી, નવા વાડજ) અને (૩) મનમોહનસિંગ અર્જુનસિંગ સેંગર (રહે.રૂશવીનાપાર્ક સોસાયટી, નોબલનગર) ભેગામળી શાહીબાગ રિલાયન્સ મોલમાંથી જુદી-જુદી કંપનીનો ઘીનો જથ્થો કુલ કિંમત રૂપિયા ૪,૦૩,૨૧૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રમણભાઇ વીરાભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૩૮૭/૧૫**

**પાલડી :** નિષાબહેન જીવણભાઇ કોટડે (ઉ.વ.૨૫)(રહે,સહજાનંદ પ્લાઝા, જનતા આઇસ્ક્રિમની ગલીમાં, ભઠ્ઠા, પાલડી) કોઇ કારણસર પોતાના ઘરે તા.૨૧/૧૧/૧૫ ના કલાક ૫/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન કોઇ દવા પી જતાં શરીરે અસર થતાં, સારવાર અથે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૧૧/૧૫ રાતનાં ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એન” ડીવીઝન ચલાવે છે.

**શહેરકોટડા :** રામીબહેન શંકરભાઇ પરમાર (ઉ.વ.૬૮)(રહે,શાહ પોપટલાલ મોહનલાલની ચાલી, નુતનમીલ સામે, અનિલસ્ટાર્ચ રોડ, સરસપુર) પોતાની લકવાની બીમારીથી કંટાળી જઇ, સરસપુર સીટી ગોલ્ડ સીનેમા સામે આવેલ રમણ ડાહ્યાની ચાલીમાં તા.૨૫/૧૧/૧૫ ના કલાક ૧૦/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના શરીરે કેરોસીન છાંટી, સળગી જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિલીપકુમાર વસંતલાલ ચલાવે છે.

**રિવરફ્ન્ટ (ઇસ્ટ)** : કુલદિપસિંહ ભરતસિંહ ચૌહાણ (ઉ.વ.૨૧)(રહે,વસુંધરા પાર્ક, પાર્શ્વનાથ ટાઉનશીપ નરોડા) પોતાને લીવરની બીમારી હોઇ, દવાઓથી કંટાળી જઇ તા.૨૫/૧૧/૧૫ ના કલાક ૧૧/૧૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ઇન્દીરાબ્રીજ નીચે નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રિવરફ્ન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ જવાનસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)